જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૯/૦૧/૨૦૨૧ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૨૩/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૧૮/૦૧/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧

લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત

અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૧૫૯	૬	૧૧૧૬૫	૧૭૨૯૦	૬	૧૭૨૯૬
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૦૨	૦	૪૭૦૨	૬૨૨૫	૦	૬૨૨૫
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૬૬	૦	૬૬	૨૬૬	૦	૨૬૨
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૨૮૦૭૫	૧૧૫	૨૮૧૯૦	૨૯૨૭૬	૧૨૪	૨૯૪૦૦
કુલ		૪૪૦૦૧	૧૨૧	૪૪૧૨૨	૫૩૦૫૭	૧૩૦	૫૩૧૮૭

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૧૦૪	૧૪,૫૭,૭૫૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૨૯૮૫	૨૯,૮૫,૦૦૦/-

ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

નરોડા પોલીસ સ્ટેશન

જ્વેલર્સની દુકાનમાંથી નજર ચુકવી ચોરી કરતા એક ઇસમને સી.સી.ટીવી કેમેરાની મદદથી પકડી પાડતી -નરોડા સર્વેલંસ સ્કવોડ.

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પો.કમેશ્નર શ્રી સેક્ટર-૨ સાહેબ તથા ના.પો.કમીશ્નર શ્રી ઝોન-૪ તથા મ.પો.કમીશ્નરશ્રી "જી" ડીવીઝન નાઓએ હાલમાં નિકોલ પો.સ્ટે તથા કૃષ્ણનગર પો.સ્ટેમાં બનેલા લુંટના બનાવ સબંધે આવા બનાવો બને નહી તેમજ આવા બનાવો બનતા અટકાવવા સારૂ પેટ્રોલીંગ રાખવા સુચના કરેલ હોઇ જે અનુસંધાને નરોડા પોલીસ સ્ટેશનના "પોલીસ ઇન્સ્પેક્ટરશ્રી પી.બી.ખાંભલા" નાઓના માર્ગદર્શન હેઠળ સર્વે સ્કોડના પો.સબ.ઇન્સ. એ.એમ.પટેલ તથા સાથેના સર્વેલંન્સ સ્કવોડના માણસો પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સાથેના પો.કો.જનકભાઇ પુંજાભાઇ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ ખાનગી બાતમી હકીકત આધારે પોકેટ કોપમાં આરોપીનો ગુનાહીત ઇતિહાસ ચેક કરતાં આરોપી નામે કમલેશભાઇ ઉર્ફ રાજા સ/ઓફ થાવરભાઇ રંગવાણી ઉ.વ.૪૮ રહે, હાલ રહે, ઠાકોરવાસ હંસપુરગામ બાબુભાઇ દરજીના મકાનમાં નરોડા અમદાવાદ શહેર નાને "નરોડા પો.સ્ટે.પાર્ટ -એ-૧૧૧૯૧૦૩૫૨૧૦૧૧૮/૨૦૨૦ ઇ.પી.કો.કલમ- ૩૮૦,૧૧૪ મુજબના ગુનાના કામે પકડી તા.૧૮/૦૧/૨૦૨૧ ના કલાક ૨૩/૩૦ વાગે અટક કરી કાયદેસરની કાર્યવાહી કરી સારી કામગીરી કરેલ છે.તા-૧૮/૦૧/૨૦૨૧

આરોપીનુ નામ

કમલેશભાઇ ઉર્ફ રાજા સ/ઓફ થાવરભાઇ રંગવાણી ઉ.વ.૪૮ રહે, હાલ રહે, ઠાકોરવાસ હંસપુરગામ બાબુભાઇ દરજીના મકાનમાં નરોડા અમદાવાદ શહેર તથા એ/૧ સોમાનાથ કોમ્પલેક્ષ સુતરના કારખાના રોડ ગણપતી મંદિર પાસે નરોડા અમદાવાદ શહેર

વોન્ટેડ આરોપી –

પુનમ ઉર્ફ પુર્ણીમાં રંગવાણી રહે –સદર

આરોપીનો ગુનાહીત ઇતિહાસ –

સદર આરોપી અગાઉ રાજસ્થાનમાં જ્વેલર્સની દુકાનોમાં નજર ચુકવી અલગ અલગ ત્રણ ગુનામાં પકડાયેલ છે તથા વેજલપુર પોલીસ સ્ટેશનમાં જ્વેલર્સની દુકાનમાં નજર ચુકવી ચોરીના એક ગુનામાં પકડાયેલ છે

નોધ

સદર ગુનાના કામે ચોરીમાં ગયેલ (યુનીઓનુ બોક્સ)મુદ્દામાલ આરોપીની પત્ની પુનમ ઉર્ફે પુર્ણીમાં રંગવાણી રહે –સદર નાની પાસે હોવાનુ જણાવેલ છે .

કામગીરી કરનાર અધિકારી / કર્મચારી

સર્વે સ્વોડ પો.સ.ઇ. એ.એમ.પટેલ તથા એ.એસ.આઇ જયેન્દ્રસિંહ રૂપસિંહ બ.નં-૭૦૩૯ તથા એ.એસ.આઇ જેઠાભાઇ બહેચરભાઇ બ.નં-૮૦૩૨ તથા પો.કો.કિરણ કલપ્પા બ.નં.૮૪૫૨ તથા પો.કો. વિષ્ણુભાઇ હીરાભાઇ બ.નં-૧૩૧૮૩ તથા પો.કો.જયેન્દ્રસિંહ કલ્યાણસિંહ બ.નં.૪૧૫૮ તથા પો.કો. પિયુષ નટવરલાલ બ.નં-૧૦૧૭૬ તથા પો.કો. પંકેશ ઘનાભાઇ બ.નં.૪૦૫૬ તથા પો.કો.રણજીતસિંહ પ્રતાપસિહ બ.નં.૪૯૯૦ તથા પો.કો. પ્રદીપકુમાર રામાભાઇ બ.નં.૧૦૩૬૧ તથા પો.કો. નરેન્દ્રસિંહ છત્રસીંહ બ.નં.૬૧૯૮ તથા પો.કો. જનકભાઇ પુંજાભાઇ બ.નં.૪૬૦૬ તથા એલ.આર. ધુમકેતુ આત્મારામભાઇ બ.નં.૧૨૩૨ તથા એલ.આર.તેજેન્દ્રસિંહ બ.નં.૧૪૭૦ તથા એલ.આર મયુરધ્વજસિંહ અનિરૂધ્ધસિંહ બ.નં-૧૪૬૭ તથા એલ.આર. વિક્રમ પ્રેમસિંહ બ.નં.૧૨૪૨૨



જુગારના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

ગણાનાપાત્ર કેસ કરી ગંજીફા પાનાનો જુગાર રમતા બે ઇસમોને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી પ્રોહી/જુગારની પ્રવુતી નેસ્તો નાબુદ કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ પ્રોહી/જુગારના ગુન્હાઓ શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.હેડ.કોન્સ દિલીપસિહ બળભદ્રસિહ બ.નં.૫૩૦૭ તથા અ.પો.કો દિપેશભાઇ વાલજીભાઇ બ.નં.૫૭૩૨ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે જમાલપુર કોટની રાંગ પુરવીયાવાડ પાસે ખુલ્લી જગ્યાએ જાહેરમા ઉપરોકત જણાવેલ ઇસમો નામે નં-(૧) સોહેલ ઇબ્રાહીમભાઇ ભરૂચવાલા (છીપા) ઉ.વ.૨૪ ધંધો.વેપાર રહે. હેબતખાનની મસ્જીદની બાજુમાં કાચા છપરામાં જમાલપુર અમદાવાદ શહેર+૦૧=૦૨ નાઓ સાથે મળી પોતાના અંઅગત ફાયદા સારૂ હારજીતનો ગંજીફા પાનાનો જુગાર રમી અંગજડતી તથા દાવ ઉપર નાણા મળી કુલ્લે રોકડ નાણાં રૂ.૧૦૧૫૦/- (દસ હજાર એક સો પચાસ પુરા) તથા ગંજીફા પાના નંગ ૫૨ કિ.રૂ.૦૦/- તથા મોબાઇલ નંગ-૨ ની કિ.રૂ.૪૦૦૦/- તથા એક એક્ટીવા ગાડી જેની કિ.રૂ.૪૦,૦૦૦/- ની ગણી જે કુલ્લે રૂ.૫૪,૧૫૦/- ની મતાનો મુદામાલ સાથે મળી આવતા તેઓના વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવામા આવેલ છે

વિજ ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

ટોરેન્ટ પાવરના અધિ/કર્મચારી તથા પોલીસ દ્વારા ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનમાં વિસ્તારમાં સંયુકત ઓપેરેશન કરી વીજ ચોરી પકડવામાં આવેલ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિ.સા.શ્રી સેક્ટર-૧ તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ નાઓની સુચનાથી મદદનીશ પો.કમિ.સા.શ્રી “ઇ” ડીવીઝન નાઓના સુપર વીઝન હેઠળ ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન વિસ્તારમાં વીજ ચોરી કરતા ઇસમો તથા ગેરકાયદેસર વીજ જોડાણ કરી આપતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા ટોરેન્ટ પાવરના અધિકારી/કર્મચારી તથા પોલીસ સ્ટાફ દ્વારા સંયુકત ઓપરેશન કરવામાં આવેલ હોય જેમા દસ ટીમો બનાવી અલગ અલગ જગ્યાએ જેમા જમાલપુર દરવાજા તથા સોદાગરની મોટી પોળ તથા કાચની મસ્જીદ આજુબાજુના વિસ્તારોમા વીજ ચોરી કરી કરાવતા ઇસમો વિરૂધ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા તેમજ સદરી જગ્યાઓએ રેઇડ કરવા સ્થાનીક પોલીસને મદદમાં બોલાવી અત્રેના પો.સ્ટે વિસ્તારમાં વીજ ચોરીના ટોરેન્ટ પાવરના અધિકારીઓ દ્વારા કુલ-૧૮૬ કેસ કરવામાં આવેલ છે તેમજ ગેર-કાયદેસર વીજ જોડાણ કરવા ઉપીયોગમાં લીધેલ કુલ્લે-૧૦ કી.ગ્રા વાયર કબ્જે કરી ટોરેન્ટ પાવરના આધિકારીઓ દ્વારા ગેર-કાયદેસર વીજ જોડાણ કરી આપતા કુલ-૦૭ ઇસમો વિરૂધ્ધ ત્રણ ગુન્હો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે

નાસતા ફરતા આરોપીની અટકાયતની વિગત

રાણીપ પોલીસ સ્ટેશન

નાસતા ફરતા વોન્ટેડ આરોપીઓને પકડવાની ડ્રાઈવ દરમ્યાન આરોપીને પકડી પાડતી રાણીપ પોલીસ

મે પોલીસ કમિશ્નર સાહેબ શ્રી અમદાવાદ શહેર તથા મે સંયુક્ત પોલીસ કમિશ્નર સાહેબશ્રી સેક્ટર ૦૧ અમદાવાદ શહેર તથા મે ના પોલીસ કમિશ્નર સાહેબશ્રી ઝોન-૦૨ કારંજ ભવન અમદાવાદ શહેર તથા મે મ પો કમિ સા શ્રી 'એલ' ડિવિઝન અમદાવાદ શહેર નાઓ તમામ ઉપરી અધિકારી શ્રીઓની જરૂરી સુચના મુજબ હાલમાં ચાલી રહેલ નાસ્તા ફરતા વોન્ટેડ આરોપીઓની તપાસ કરી કાયદેસરની કાર્યવાહી કરવા સારૂ પોલીસ ઇન્સપેક્ટર જે.બી.ખાંભલા રાણીપ પોલીસ સ્ટેશન અમદાવાદ શહેર નાઓની જરૂરી સુચના તેમજ સીધા માર્ગદર્શન હેઠળ રાણીપ પોલીસ સ્ટેશન સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ એસ.એસ.ચૌધરી તથા અ.હે.કો પ્રદિપકુમાર થાવરાભાઇ બ.નં ૪૦૮૪ તથા પો.કો સંતોષકુમાર કનૈયાલાલ બ.ન ૪૮૦૬ નાઓ બન્નેની ખાનગી બાતમી હકીકત આધારે પેટ્રોલીંગ દર્મ્યાન ચિમનભાઈ પટેલ બ્રિજના નીચેથી વસ્ત્રાપુર પો સ્ટે પાર્ટ 'A' 11191020200147/2020 ધી ઇ.પી.કો કલમ ૩૭૯ મુજબના ગુનાના કામનો વોંન્ટેડ/નાસ્તો ફરતો આરોપી સુભમ ઉર્ફે ભુરીયો સ/ઓ રામદુલારે જાતે યાદવ ઉ.વ ૨૦ ધંધો ડ્રાઈવીંગ રહે વિભાગ ૦૨ સરસ્વતી નગર ન્યુરાણીપ અમદાવાદ શહેર નાઓને આજરોજ તારીખ ૧૯/૦૧/૨૦૨૧ ના કલાક ૧૩/૩૦ વાગે સી.આર.પી.સી. કલમ ૪૧ (૧) આઈ મુજબ પકડી અટક કરી સારી કામગીરી કરેલ છે તારીખ ૧૯/૦૧/૨૦૨૧



ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશન

ગુન્હાના કામે અટકાયત ટાળવા નાસતા ફરતા આરોપીને પકડી પાડતો ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનનો સર્વેલન્સ સ્કોડ

મે.પોલીસ કમિ.સા.શ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિ.સા.શ્રી તથા નાયબ પોલીસ કમિ.સા.શ્રી ઝોન-૩ તથા મદદનીશ પો.કમિ.સા.શ્રી "ઇ" ડીવીજન નાઓ તરફથી નાસતા ફરતા આરોપીઓને પકડી કાયદેસરની કાર્યવાહી કરવા સુચના મળેલ હોય જે અનુસંધાને ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના પોલીસ ઇન્સ્પેકટર એસ.જે.બલોચ સા.શ્રી ના માર્ગદર્શન હેઠળ નાસતા ફરતા આરોપીઓને શોધી કાઢવા સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ વી.એન.શીંગરખીયા તથા સ્ટાફના માણસો પો.સ્ટે વિસ્તારમા પેટ્રોલીંગમા હતા તે દરમ્યાન સાથેના અ.લો.૨ સુરેન્દ્રસિંહ અમ્રુતસિંહ બ.નં.૧૧૯૦ તથા અ.લો.૨ કુલદિપ ગોવિદભાઇ બ.નં.૧૨૭૩૧ નાઓને મળેલ સંયુકત બતામી હકિકત આધારે જમાલપુર ખાનજહાન દરવાજા પાસે વોચમાં રહી એક ઇસમ નામે મોહમંદ ફૈઝાન ઉર્ફે બાદશાહ મોહંમદ હનીફ કુરેશી ઉ.વ.૨૫ ધંધો.નોકરી રહે.મ.નં.૪, સીલ્વર ફ્લેટ, સોનલ સિનેમાની બાજુમાં, વેજલપુર અમદાવાદ શહેર હાલ રહે, શીફા ફ્લેટ,પહેલો માળ, સોદાગરની મોટી પોળ, જમાલપુર અમદાવાદ શહેર નાઓના વિરૂધ્ધમાં વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ગુ.ર.નં-A-૧૧૧૯૧૦૨૮૨૦૧૫૩૨/૨૦૨૦ ધી ઇ.પી.કો કલમ-૩૨૪,૩૨૩,૨૯૪(ખ),૫૦૬(૧),૪૨૭,૧૧૪ તથા જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબનો ગુન્હો દાખલ થયેલ હોય જે ગુન્હાના કામે પોતાની અટકાયત ટાળવા નાસતા ફરતા હોય જેથી સદરી ઇસમને સી.આર.પી.સી કલમ-૪૧(૧)(આઇ) મુજબ કાયદેસરની કાર્યવાહી કરી વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે સોપવામાં આવેલ છે

પાસા અટકાયતની વિગત

શાહીબાગ પોલીસ સ્ટેશન

મિલકત સંબંધી પાસા અટકાયતની ધરપકડ કરતી શાહીબાગ પોલીસ

મે. પોલીસ કમિશ્નર શ્રી, અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નર શ્રી,સેક્ટર-૨,અ'વાદ શહેર તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી,ઝોન-૪, અ'વાદ શહેર સાહેબ તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી,' એફ 'ડીવીઝન, અમદાવાદ શહેરનાઓના માર્ગદર્શન હેઠળ પો.સ્ટે.વિસ્તારમાં મિલકત સબંધી બનાવો અટકાવવા તથા આવા બનાવોમા પકડાયેલ આરોપીઓ વિરુધ્ધ અટકાયતી પગલા લેવા મળેલ સુચના આધારે પો.ઇન્સ શ્રી કે.ડી.જાડેજા સા. નાઓએ પો.સ્ટે.વિસ્તારમાં મિકલત સંબંધી ગુનાઓ કરતો ઈસમ વિપુલજી રમેશજી ઠાકોર ઉ.વ.૨૧ ધંધો ખેતી રહેવાસી- ગામ-લીલાપુરા (કહીપુર) તા.વડનગર જીલ્લો – મહેસાણા ના વિરુદ્ધ (૧) શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૮૪/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯, મુજબ (૨) શાહીબાગ પોલીસ સ્ટેશન ફ.ગુ.ર.નં.૧૮૫/૧૯ ઈ.પી.કો. કલમ ૩૭૯ મુજબના ગુનાઓ નોધાયેલ હોય અને સદરી આરોપી વિરૂધ્ધ પાસા દરખાસ્ત તૈયાર કરી પોલીસ કમિશ્નરશ્રી ની કચેરી ખાતે મોકલી આપતા પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર નાઓએ ઉપરોકત આરોપીને પાસા અટકાયતમાં લેવા કરેલ હુકમ ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૯૦/૨૦૨૧ તા.૧૮/૦૧/૨૦૨૧ ના આધારે સદરી આરોપીની પાસા અટકાયતના હુકમની તા.૧૮/૦૧/૨૦૨૧ ના કલાક:૨૦/૦૦ વાગે બજવણી કરી સદરી આરોપીને નામદાર કોર્ટના હુકમ આધારે કોરોના ટેસ્ટ કરાવી જરૂરી જાપ્તા સાથે અધિક્ષક શ્રી જિલ્લા જેલ ભાવનગર ખાતે મોકલી આપેલ.

આરોપીનુ નામ:-

વિપુલજી રમેશજી ઠાકોર ઉ.વ.૨૧ ધંધો ખેતી રહેવાસી- ગામ-લીલાપુરા (કહીપુર) તા.વડનગર જીલ્લો – મહેસાણા

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી:-

(૧) પો.સ.ઈન્સ એસ. એ. દેસાઈ તથા સર્વલન્સ ટીમના માણસો
(૨) મ.સ.ઇ વિરેન્દ્રસિંહ મકુભા
(૩) અ.લો.ર.નિલમબેન નાથાભાઈ બ.નં.૭૨૪
(૪) અ.પો.કો.કુલદિપસિંહ ધનશ્યામસિંહ
(૫) અ.લો.ર.પરેશકુમાર અણદાભાઇ

પી.સીબી.

શહેરકોટડા પોલીસ સ્ટેશન વિસ્તારમાથી નાણાની હારજીતનો જુગાર રમતા ૬ ઈસમોને કુલ્લે ૫૪,૨૯૦/- રૂપિયાના મુદામાલ સાથે ઝડપી પાડતી પી.સી.બી.

મે.પોલીસ કમિશ્નર શ્રી સંજય શ્રીવાસ્તવ સાહેબ નાઓએ અમદાવાદ શહેરમા પ્રોહી/જુગારની પ્રવૃતિ અટકાવવા સારૂ કાર્યવાહી કરવા સુચના કરેલ જે આધારે પીસીબી પોલીસ ઈન્સપેકટર શ્રી એચ.કે.સોલંકી નાઓના માર્ગદર્શન હેઠળ તા.૧૮.૧.૨૦૨૧ ના રોજ સ્ટાફના અહેકો અહેકો વિજયસિહ હિંદુજી, અહેકો યોગેન્દ્રસિહ હઠીસિહ, અહેકો મયુરધ્વજસિહ રાજેન્દ્રસિહ, અહેકો શૈલેષ દેવાભાઈ, અહેકો કૃષ્ણરાજસિહ હનુભા અહેકો મુકેશભાઈ રામાભાઈ તથા અન્ય સ્ટાફના માણસો શહેર વિસ્તામા પેટ્રોલીગમાં હતા દરમ્યાન અહેકો મુકેશભાઈ રામાભાઈ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીક્ત આધારે મેમ્કો નરોડા રોડ ઉપર આવેલ પંચવટી એસ્ટેટની સામે,અમદાવાદશહેર, પાટીયાનગર માયા ટાયર ટ્યુબ સર્વીસની પાછળ પવન ઓટો ગેરેજ સામે આવેલ ખુલ્લી દુકાન આગળ જાહેરમાં આરોપી રાહુલ વિનોદભાઇ મોચી ઉવ.૨૭ રહે. ઘર નંબર બી/૨૯ જલ્પા સોસાયટી પાણીની ટાંકી પાસે આદેશ્વર નરોડા અમદાવાદ શહેર તથા અન્ય આરોપીઓ મળી કુલ્લે ૬ આરોપીઓને મુંબઇ વરલી મટકનો સટ્ટા-બેટીંગના આંક લખી આંક ફરકનો નાંણાની હારજીતનો જુગાર રમી રમાડતા રોકડા રુપિયા ૫૪Ê૨૯૦/ તથા અન્ય જુગારના સાધનો મળી કુલ્લે રુપિયા ૫૪,૨૯૦/ ના મુદામાલ સાથે પકડી પાડી તેઓની વિરુધ્ધમા કાયદેસરની કાર્યવાહી કરી શહેરકોટડા પોસ્ટે ખાતે બી પાર્ટ ગુરન ૧૧૧૯૧૦૪૧૨૧૦૨૨૩/૨૦૨૧ જુગાર ધારા કલમ ૧૨(અ) મુજબ ગુનો રજીસ્ટર કરાવી આગળની કાર્યવાહી હાથ ધરવામા આવેલ છે.

પકડાયેલ આરોપીઓ :

(1) રાહુલ વિનોદભાઇ મોચી ઉવ.૨૭ રહે. ઘર નંબર બી/૨૯ જલ્પા સોસાયટી પાણીની ટાંકી પાસે આદેશ્વર નરોડા અમદાવાદ શહેર (2) મોસીન યુનુસભાઇ મનસુરી ઉવ.૨૩ રહે, શાહેઆલમ ફ્લેટ જનતાનગર રામોલ અમદાવાદ શહેર તથા મૂળ રહે, મુનશીની ચાલી આશીર્વાદ એસ્ટેટની સામે મેમ્કો શહેરકોટ્ડા અમદાવાદ (3) છનાભાઈ બીજલભાઇ સોલંકી ઉ.વ.૬૫ રહે, ઘર ન.૨૦/એ/૪૪ પાટીયાનગરની ચાલી પંચવટી એસ્ટેટની સામે મેમ્કો નરોડા રોડ શહેરકોટ્ડા અમદાવાદ (4) દિલીપભાઇ ઉર્ફે મેલીયો ઉર્ફે ડીટી બાબુભાઇ સોનારા ઉવ.૩૮ રહે, પાટીયાનગરની ચાલી પંચવટી એસ્ટેટની સામે મેમ્કો નરોડા રોડ શહેરકોટ્ડા અમદાવાદ (5) અમરતભાઇ કાન્તીભાઇ વણકર ઉવ.૬૪ રહે, ઘર નંબર ૨૫ જલકમલ સોસાયટી પંચવટી એસ્ટેટની સામે જયંતીભાઇના મકાનમાં મેમ્કો નરોડા રોડ શહેરકોટડા અમદાવાદ (6) દિલીપભાઇ ઉર્ફે ડી.કે. મેવાજી ઠાકોર ઉવ.૩૫ રહે, છગનજીની ચાલી બીજા નંબરની લાઇન મેમ્કો કલ્યાણ ચોકીની પાછળ શહેરકોટડા અમદાવાદ

ગુનાની જગ્યા :

મેમ્કો નરોડા રોડ ઉપર આવેલ પંચવટી એસ્ટેટની સામે,અમદાવાદશહેર, પાટીયાનગર માયા ટાયર ટ્યુબ સર્વીસની પાછળ પવન ઓટો ગેરેજ સામે આવેલ ખુલ્લી દુકાન આગળ જાહેરમાં

પકડાયેલ મુદામાલ :

(૧) રોકડા નાંણા રૂ.૫૪,૨૯૦/ (૨) સટ્ટા બેટીંગના આંક લખેલ કાગળો નંગ ૪ કિ.૦૦ (૩) બોલપેન નંગ-૧ કિ.૦૦ (૪) ચોપડા નંગ ૨ કિ.રૂ.૦૦ મળી કુલ કિંમત રૂ. ૫૪,૨૯૦/-ની મત્તાના મુદામાલ





નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૪/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૧ કેસ કરી, ૨૯ વ્યક્તિઓને ઝડપી, ૧૩૭ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઇંગ્લીશ દારૂ અને ૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૫ કેસ કરી, ૧૧ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨,૬૬,૬૭૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૨૫/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૧૦૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીની ફરીયાદઃ- **સમાચાર યાદી નં.૧૨૬/૨૦૨૧**

નવરંગપુરાઃ શરદભાઇ હિમતલાલ જોબનપુત્રા (ઉ.વ.૬૭) (રહે. ચેતન સોસાયટી પ્લેઝર ક્લબ પાસે બોપલ ઘુમા રોડ) એ તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ નવરંગપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૭/૧૨/૨૦૨૦ બપોરના ૧/૦૦ વાગ્યાના સુમારે શરદભાઈ નવરંગપુરા સિક્વલ લોજીસ્ટીક પ્રા.લી નામની કંપનીની ઓફીસ ખાતે હતા ત્યારે શરદભાઈના ઈ-મેઈલ પર ઇ-મેલ આઇ.ડી mgment8@gmail.com થી અજાણી વ્યક્તિએ શરદભાઈના બિઝનેશ પાર્ટનર નિનુ ખન્નાના નામથી ઇ-મેલ કરી વિશ્વાસમાં લઇ શરદભાઈ પાસેથી રૂપિયા ૪,૭૦,૦૦૦/- તેના "સ્ટેટ બેન્ક ઓફ ઇન્ડિયાના ખાતામાં મેળવી લઇ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી આર.જે.ચુડાસમા ચલાવે છે.

નરોડાઃ સુરેશભાઇ માંગીલાલ ચૌધરી (ઉ.વ.૩૪) (રહે. આઝાદ ચોક જૈન દેરાસર પાછળ નરોડા ગામ નરોડા) એ તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૨/૨૦૨૦ બપોરના ૩/૦૦ વાગ્યાના સુમારે આરોપી અંકિત જયંતિભાઇ પંચાલ (રહે. ગુરૂકૃપા સોસાયટી અર્જુન આશ્રમ સામે ચાંદલોડીયા) સુરેશભાઈને વિશ્વાસ આપી નરોડા ગામ પદમાવતી કિરાણા સ્ટોર ખાતેથી સુરેશભાઈની એસ-ક્રોસ કાર નંબર જીજે ૧૮ બીઈ ૫૮૬૨ કિમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- એક મહિનાના રૂપિયા ૩૩,૦૦૦/- ભાડા લેખે દિન-૬૦ માટે પોતાના પરિવારના સભ્યોને બહારગામ ફરવા જવા માટે તથા ઘરના કામ માટે ભાડા કરાર કરાવી કાર ભાડેથી લઈ જઈ આજદિન સુધી ભાડુ નહી ચુકવી કે કાર પરત નહી કરી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી ડી.કે.મોરી ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૨૭/૨૦૨૧**

વેજલપુરઃ ઇકબાલઅહેમદ વલીમહમદ રંગરેજ (રહે. કે.જી.એન મોબાઇલની ગલીમા ઇ/૧૪૧ વોર્ડની બાજુમાં છાપરામાં જુહાપુરા) એ તા.૧૮/૦૧/૨૦૨૧ ના રોજ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૬/૦૧/૨૦૨૧ રાતના ૧૦/૦૦ થી તા.૧૭/૦૧/૨૦૨૧ કલાક ૪/૧૫ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનના દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી લોખંડની તિજોરીમાથી ચાંદીની પાયલ, કાંડા ઘડીયાળ, મોબાઇલ ફોન અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫૮,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.ડી.રોહીત ચલાવે છે.

આત્મહત્યાઃ- **સમાચાર યાદી નં.૧૨૮/૨૦૨૧**

ઈસનપુરઃ શૈલેષભાઇ ઇશ્વરભાઇ ભાવસાર (ઉ.વ.૪૧) (રહે. સુભાષમાર્ગ સોસાયટી સ્વામિનારાયણ સ્કુલ સામે વિશાલનગરની બાજુમાં ઇસનપુર) એ અગમ્ય કારણસર તા.૧૮/૦૧/૨૦૨૧ સાજના ૫/૩૦ વાગ્યાના સુમારે પોતાના ઘરે છતના હુકમાં કપડાની પટ્ટી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ઈસનપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઈ.શ્રી વી.કે.બારૈયા ચલાવે છે.

ગાયકવાડ હવેલીઃ ધવલજી તેન્દ્રભાઈ બોહીત (રહે. જમાલપુર હેલ્થ કવાર્ટર્સ ૧/૬ ની અંદર) એ અગમ્ય કારણસર તા.૧૭/૦૧/૨૦૨૧ સાજના ૫/૨૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે પંખાના હુકમાં દુપટ્ટો બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગાયકવાડ હવેલી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી ઝીણભાઇ ધુળાભાઇ ચલાવે છે.

અમરાઈવાડીઃ જેઠાભાઇ ઉગાભાઇ કુંડલીયા (ઉ.વ.૭૦) (રહે. અબ્દુલ ગફારની ચાલીના નાકે ફુટપાથ ઉપર સતાધાર રોડ અમરાઇવાડી) એ બિમારીથી કંટાળી તા.૧૮/૦૧/૨૦૨૧ કલાક ૪/૩૦ વાગ્યાના સુમારે પોતાના રહેણાંક ખાતે છતના હુકમાં દોરી બાંધી ગળેફાસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે અમરાઈવાડી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી મુકેશભાઇ જીવણભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી